No Pages to Display

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | વાણેલાં ભલાં વાયાં રે ... ... | ૨ |
| ૨ | ઝમ રે ઝાંઝરીયાં લ્યો ... ... | ૪ |
| ૩ | પાલી મગ ... ... ... | ૬ |
| ૪ | મારવાડ ... ... ... | ૮ |
| ૫ | લુલીયો ... ... ... | ૧૦ |
| ૬ | દમડી પાછી દે ... ... ... | ૧૦ |
| ૭ | બાળા પોઢોને રે... ... ... | ૧૨ |
| ૮ | વાઘરણ ... ... ... | ૧૨ |
| ૯ | દાડમ લુમે ઝુમે છે ... ... | ૧૪ |
| ૧૦ | મારા વાડામાં એરડી દાદા ... ... | ૧૬ |
| ૧૧ | મારો છે મોર ... ... ... | ૧૭ |
| ૧૨ | તું સુઈ જા રે ... ... ... | ૧૮ |
| ૧૩ | ગરબડીયા કોરાવો ... ... | ૧૯ |
| ૧૪ | કળાયેલ મોરલો ... ... ... | ૨૦ |
| ૧૫ | રે ગોરી કાંગ લ્યો ... ... | ૨૨ |
| ૧૬ | ભોળી જમના ... ... ... | ૨૩ |
| ૧૭ | ગોવાળણી રે લોલ ... ... | ૨૩ |
| ૧૮ | પીલુડાં પાક્યાં ... ... ... | ૨૫ |

૧૯ હંઓ હંઓ વીંછીડા ... ... ૨૬
૨૦ કણજર કાકો પરણે છે ... ... ૨૮
૨૧ નથ ઘડી દે સોનારા ... ... ૩૦
૨૨ કીડીની જાન ... ... ... ૩૨
૨૩ નાનું સરીખડું બાળ ... ... ૩૩
૨૪ કાનો કાળજડાની કોર છે ... ... ૩૪
૨૫ વ્હાણે ચડે ... ... ... ૩૫
૨૬ કાનુડો મારે ખેધે પડયો રે ... ... ૩૬
૨૭ મેવલો ... ... .. ... ૩૭
૨૮ ચકલી તારા ખેતરમાં ... ... ૩૮
૨૯ જુઓ જશોદા ગોળી ફોડી ... ... ૪૯
૩૦ ગાવડલી ચારવાને... ... ... ૪૦
૩૧ લેને તારી લાકડી... ... ... ૪૧
૩૨ ઘડુલીયો ચડાવને ગિરધારી ... ... ૪૨
૩૩ પોઢો મારાં પોટડાં રે ... ... ૪૩
૩૪ ગેંડા સરજાવું ... ... ... ૪૩
૩૫ શેત્રુંજે ઈંગારશા પીર છે ... ... ૪૫
૩૬ મારૂં હાણીયું ખોવાણું ... ... ૪૬
૩૭ તમે મારાં દેવનાં દીધેલ છો... ... ૪૭
૩૮ બંગલા ફક્કડ બનાયા ... ... ૪૮
૩૯ કનકપુર વસાવીયું... ... ... ૪૯

४० લગારેક નંદના છૈયા ... ... ૫૦

૪૧ લીલી નાધેરમાં ... ... ૫૧

૪૨ કાંતો રે મેરી છેલણુ બીબીયાં... ... ૫૨

૪૩ અંગરેજી ઝાડવું માંડણુ ... ... ૫૩

૪૪ તમે નંદજી ગોકુળ સંચરો રે... ... ૫૪

૪૫ રથ ફેરો ગોકુળ રથવાળા ... ... ૫૫

૪૬ ફાદુ મકરાણી ... ... ૫૬

૪૭ ફાસમની વીજળી ... ... ૫૭

૪૮ છપ્પનીયો ... .. ... ૫૯

૪૯ છત્રીશની સાલે ... ... ૬૦

૫૦ હોડલી હંકાર ... ... ૬૩

# બાળ લોકગીત સંગ્રહ

:: ૨ ::

# વાણેલાં ભલાં વાયાં રે

સૂરજ ઉગ્યો રે સરોવરીયાની પાળે
કે વાણેલાં ભલાં વાયાં રે.

ભમરા ઉડે રે કેવડીયાની ડાળે
કે વાણેલાં ભલાં વાયાં રે.

મેના કોયલ રે બોલે મનહર માળે
કે વાણેલાં ભલાં વાયાં રે.

નાચે કૂદે રે બોલે મનહર માળે
કે વાણેલાં ભલાં વાયાં રે.

સૂતા ઉઠો રે લક્ષ્મીબાઇના કંથ
કે વાણેલાં ભલાં વાયાં રે.

શુભ શબ્દો રે બોલે છે સાધુ સંત
કે વાણેલાં ભલાં વાયાં રે.

લેજો લેજો રે શ્રીરામનાં નામ
કે વાણેલાં ભલાં વાયાં રે.

:: ૩ ::

દેજો દેજો રે દીન જનોને દાન
કે વાણેલાં ભલાં વાયાં રે.

કરજો કરજો રે કાંઇ મંગળ કામ
કે વાણેલાં ભલાં વાયાં રે.

ગાજો ગાજો રે હરિનાં ગુણગાન
કે વાણેલાં ભલાં વાયાં રે.

લેજો લેજો રે દાતણ ને ઝારી
કે વાણેલાં ભલાં વાયાં રે.

ન્હાજો ન્હાજો રે નર ને સૌ નારી
કે વાણેલાં ભલાં વાયાં રે.

સુખે સૂજો રે પામરીઓને છેડે
કે વાણેલાં ભલાં વાયાં રે.

બેસજો બેસજો રે દરબારને ડેલે
કે વાણેલાં ભલાં વાયાં રે.

:: ૪ ::

# ઝમ રે ઝાંઝરીયાં લ્યો

ઘર પછવાડે કાંગ વાવી,
ઝમ રે ઝાંઝરીયા લ્યો.
કાંગનાં તો ફુલ આવ્યાં,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ફુલ મેં તો ગાયને આપ્યાં,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ગાયે મને દૂધ આપ્યું,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
દૂધની મેં તો ખીર રાંધી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ખીર મેં તો ભાઇને પીરસી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ભાઈની એંઠી મેં ખાધી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ભાઇએ મને ચુંદડી લીધી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.

ચુંદડીનો છેડો પલળ્યો,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
ચુંદડી મેં તો નેવે સુકવી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
નેવેથી કાગ લઇ ગ્યા,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
કાગની વાંસે હું દોડી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
દોડતાં દોડતાં સોય જડી,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
સોય મેં દરજીને આપી
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
દરજીએ મને કોથળો આપ્યો,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.
કોથળો લઈ ઘેર આવ્યા,
ઝમ રે ઝાંઝરીયાં લ્યો.

# પોલી મગ

પોલી મગ મારા પાછા લાવજો.
હાલાર જાઓ તો મને કે'તા જાજો;
હાલાર શહેરના હાથીડા લાવજો.
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો,
ભગરી ભેંશ,
ભૂરીયો પાડો,
પોલી મગ મારા પાછા લાવજો.
ચીતળ જાઓ તો મને કે'તા જાજો;
ચીતળ શહેરની ચુંદડી લાવજો.
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો,
ભગરી ભેંશ,
ભૂરીયો પાડો,

પાલી મગ મારા પાછા લાવજો.
ઘોઘા જાઓ તો મને કે'તા જાજો;
ઘોઘા શહેરથી ઘોડલાં લાવજો.
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો,
ભગરી ભેંશ,
ભૂરીયો પાડો,
પાલી મગ મારા પાછા લાવજો.
સુરત જાઓ તો મને કે'તા જાજો;
સુરત શહેરથી સોનાં લાવજો.
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો,
ભગરી ભેંશ,
ભૂરીયો પાડો,
પાલી મગ મારા પાછા લાવજો.

## મારવાડ

તમે એક વાર મારવાડ જાજો રે મારવાડ;
તમે મારવાડથી મોતી લાવજો રે મારવાડ.

તમે ઓલુ લાવજો,
પેલું લાવજો,
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો,
હોકે પેલું,
હોકે પેલું;

કચકડાની ડાબલી લાવજો રે મારવાડ.
તમે એક વાર હાલાર જાજો રે મારવાડ;
તમે હાલારના હાથીડા લાવજો રે મારવાડ.

તમે ઓલું લાવજો,
પેલું લાવજો,
પાન સોપારી

પાનનાં બીડાં,
એલચી દડો,
હોકે પેલું,
હોકે પેલું;

કચકડાની ડાબલી લાવજો રે મારવાડ.
તમે એકવાર ઘોઘા જાજો રે મારવાડ;
તમે ઘોઘાના ઘોડલા લાવજો રે મારવાડ.

તમે આલું લાવજો,
પેલું લાવજો,
પાન સોપારી,
પાનનાં બીડાં,
એલચી દડો;
હોકે પેલુ,
હોકે પેલું;

કચકડાની ડાબલી લાવજો રે મારવાડ.

## લુલીયો

રે લુલીયો હાલ્યો હાલારમાં;
રે લુલીયાનો ટાંગો રળિયામણો.
ધમચકડ લે
મારી વાડીમાં લુલીયો.
રે લુલીયો હાલ્યો હાલારમાં;
રે લુલીયાનો ટાંગો રળિયામણો.

## દમડી પાછી દે

દમડી લઈને હું તો સુતારવાડે ગઈતી,
દમડી લઈને હું તો સુતારવાડે ગઈતી;
મીઆંકો માફો,
બીબીકું વેલ;
છોકરેકું ગાડી દે
નહિ તો મારી દમડી પાછી દે.
દમડી લઈને હું તો કુંભારવાડે ગઈતી,
દમડી લઈને હું તો કુંભારવાડે ગઈતી;

મીઆંકો ઘડો,
બીબીકું માણું;
છોકરેકું કોડીયા દે
નહિ તો મારી દમડી પાછી દે.

દમડી લઈને હું તો લુવારવાડે ગઈતી,
દમડી લઈને હું તો લુવારવાડે ગઈતી;
મીઆંકો તરવાર,
બીબીકું છરી;
છોકરેકું કાતા દે
નહિ તો મારી દમડી પાછી દે.

દમડી લઈને હું તો દરજીવાડે ગઈતી,
દમડી લઈને હું તો દરજીવાડે ગઈતી;
મીઆંકો ડગલા,
બીબીકું સુંથણા;
છોકરેકું ઝબલા દે,
નહિ તો મારી દમડી પાછી દે.

## બાળા પોઢોને રે

સોના રૂપાનું મારૂં પારણીયું રે;
ઘુઘરીએ ઘમકાર, બાળા પોઢોને રે.
ગલવટ ગાલમશૂરીયાં રે;
હીરલા દોરી હાથ, બાળા પોઢોને રે.
ચાર પાયે ચાર પૂતળીરે;
મોરવાયે બે મોર, બાળા પોઢોને રે.

## વાઘરણ

એલી વાઘરણ રે;
તારા વાડામાં ચીભડાં વાવ્યાં, એલી વાઘરણ;
વાવ્યાં માબા...પ, વાવ્યાં.
એલી વાઘરણ રે;
તારા વાડામાં ચીભડાં ઉગ્યાં, એલી વાઘરણ;
ઉગ્યાં માબા...પ, ઉગ્યાં.

એલી વાઘરણ રે;
તારા વાડામાં ચીભડાં વેડયાં, એલી વાઘરણ;
વેડયાં માબા...પ, વેડયાં.

એલી વાઘરણ રે;
તારા વાડામાં ચીભડાં ખાધાં, એલી વાઘરણ;
ખાધાં માબા...પ, ખાધાં.

એલી વાઘરણ રે;
હરિબાને દરબાર જાજે એલી વાઘરણ;
ગઈ'તી માબા...પ, ગઈ'તી.

એલી વાઘરણ રે;
કોરો તે ઘાઘરો દેશે એલી વાઘરણ;
દીધો માબા...પ, દીધો.

એલી વાઘરણ રે;
કોરો તે ઘાઘરો પેર'જે એલી વાઘરણ;
પે'ર્યો માબા...પ, પે'ર્યો.

એલી વાઘરણ રે;
કોરો તે ઘાઘરો ફાડજે એલી વાઘરણ;
ફાડયો માબા...પ, ફાડયો.

:: ૧૪ ::

## દાડમ લુમે ઝુમે છે

કપૂરીયો પાણો હીંગળો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એક વાર ઘોઘે જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

ઘોઘાના ઘોડલા લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એક વાર ચીતળ જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

ચીતળની ચુંદડી લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

લાવો તો બે જોડ લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એક વાર પાટણ જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

પાટણનાં પટોળાં લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

લાવો તો બે જોડ લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

તમે એક વાર સુરત જાજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

સુરતના ચાંલ્લા લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

લાવો તો ઝાઝા લાવજો રાજ,
દાડમ લુમે ઝુમે છે.

:: ૧૬ ::

## મારા વાડામાં એરડી દાદા

મારા વાડામાં એરડી દાદા;
લાંબી લાંબી કાતળી જોને.
આવી રૂપાળી કાતળી દાદા;
માંડવડો રોપાવશું જોને.
આવો રૂપાળો માંડવો દાદા;
વેળુડી પથરાવશું જોને.
આવી રૂપાળી વેળુ દાદા;
ઝીણી કરી દળાવશું જોને.
આવો રૂપાળો ઘંટલો દાદા;
કાઠા ઘઉં ભરડાવશું જોને.
આવા રૂપાળા ઘઉં દાદા;
લાડુડા વળાવશું જોને.
આવા રૂપાળા લાડુ દાદા;
વીરાને જમાડશું જોને.

૧૭

# મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો મારો છે મોર!
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી મારી છે ઢેલ!
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર!
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળ્યુંમાં બેસનાર મારી છે ઢેલ!
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો મારો છે મોર!
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ!
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે બોલે છે મોર!
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને પારણે બોલે છે ઢેલ!

::૧૮::

## તું સુઇ જા રે

તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઈ જા;
તું સુઈ જા;
તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઇ જા.
તું રોઇશ તો તારો દાદો દુભાશે;
તું સુઈ જા.
તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઈ જા.
તું રોઇશ તો તારો કાકો કચવાશે;
તું સુઇ જા;
તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઇ જા.
તું રોઇશ તો તારો મામો મુંઝાશે;
તું સુઇ જા;
તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઇ જા.
તું રોઇશ તો તારી ફઇબા ફાળે થાશે;
તું સુઇ જા.
તું સુઇ જા રે બાળુડા ભાઇલા સુઈ જા.

:: ૧૯ ::

## ગરબડીયા ફેરાવો.

ગરબડીયા ફેરાવો,
  ગરબે જાળીડા મેલાવો જો.
હું ને પનોતી મારે,
  બચુભાઈ છે વીરા જો.
બચુભાઈના મોળીડા,
  હું શેલડીયે શણગારૂં જો.
આવતી વહુનો ઘુંઘટડો,
  હું મોતીડે વધાવું જો.
મોતીસરના લાડવા ને
  ખારેકી ખજુર જો.
ભાઈ બેઠા જમવા ને
  ભોજાઈએ પે'ર્યાં ચીર જો.
ચીર ઉપર ચુંદડી ને
  ચોખલીયાળી ભાત જો.
ભાતે ભાતે ભડકલાં ને
  વેલ ધડુકી જાય જો.

વેલમાં બેઠા વાણીયો ને
કાગળ લખતો જાય જો.
કાગળમાં બે પુતળીયું ને
હસતી રમતી જાય જો.

## કળાયેલ મોરલો

મોર મોર ક્યાં થઈને જઈશ?
કળાયેલ મોરલો રે;
રતિલાલનું ઘર ઠેકીને જઈશ,
કળાયેલ મોરલો રે...મોર૦

ઘર પાછળ કાળુડો નાગ,
કળાયેલ મોરલો રે;
નાગ રોકી બેઠા છે માગ,
કળાયેલ મોરલો રે;
મારગે ઉડીને જઈશ,
કળાયેલ મોરલો રે...મોર૦

:: ૨૧ ::

ઘર પાછળ નદીઓ નવાણ,
કળાયેલ મોરલો રે;
ઘરમાંથી ચાલે છે વહાણ,
કળાયેલ મોરલો રે;
વહાણ હું ઠેકીને જઇશ,
કળાયેલ મોરલો રે...મોર૦
ઘર પાછળ ફાંગની વાડ,
કળાયેલ મોરલો રે;
ઝાઝાં છે ઝાડી ને ઝાડ,
કળાયેલ મોરલો રે;
ઝાડ એ મેડી ને મ્હોલ,
કળાયેલ મોરલો રે...મોર૦
તેમાં મારી બેઠી છે ઢેલ,
કળાયેલ મોરલો રે;
ઢેલ મારી જોઇ રહી વાટ,
કળાયેલ મોરલો રે;
રહીશ ત્યાં દિવસ ને રાત,
કળાયેલ મોરલો રે...મોર૦

::૧૨::

## રે ગોરી કાંગ લ્યો

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !
ઉભાં ઉભાં કાંગ લ્યો,
બેઠાં બેઠાં કાંગ લ્યો;
કાંગ લેવા ગ્યાં' તાં રે ગોરી કાંગ લ્યો !

ચાલતાં ચાલતાં કાંગ લ્યો,
ધબડ ધોબા કાંગ લ્યો;
કાંગ ખેતર ગ્યાં'તાંરે ગોરી કાંગ લ્યો !

ટોપલો ભરી કાંગ લ્યો,
ખોબલો ભરી કાંગ લ્યો;
કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

સુપડી ભરી કાંગ લ્યો,
ખોઈ ભરી કાંગ લ્યો;
કાંગ લેવા ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

## ભોળી જમના

સોનલા ઈંઢોણી, રે ભોળી જમના.
રૂપલાનું બેડલું, રે ભોળી જમના.
વીસ બેડાં ભરીયાં, રે ભોળી જમના.
એક બેડું ખાલી, રે ભોળી જમના.
ત્યાં તો બાળ ઉઠ્યાં, રે ભોળી જમના.
કેમ દોરી તાણી, રે ભોળી જમના.
આમ દોરી તાણી, રે ભોળી જમના.
પછી ખેતર ગ્યાં'તાં, રે ભોળી જમના.
ત્યાં તો હરણ આવ્યાં, રે ભોળી જમના.
કેમ હરણ ઠેકે, રે ભોળી જમના.
આમ હરણ ઠેકે, રે ભોળી જમના.

## ગોવાળણી રે લોલ

મારૂં સોનલાનું બેડું,
ગોવાળણી રે લોલ.

મારી રૂપલા ઇંઢાણી,
ગોવાળણી રે લોલ.
હું તો સરોવર પાણી ગઇ'તી,
ગોવાળણી રે લોલ.
મેં તો બેડું મેલ્યું આરે
ગોવાળણી રે લોલ.
ઇંઢાણી આંબા ડાળે,
ગોવાળણી રે લોલ.
હું તો વાડીમાં સીધાવી,
ગોવાળણી રે લોલ.
ત્યાંથી ફુલ વીણી લાવી,
ગોવાળણી રે લોલ.
ફુલ માળણને આપ્યાં
ગોવાળણી રે લોલ.
માળણ હાર ગુંથી લાવ્યે,
ગોવાળણી રે લોલ.
હાર બેડે ચડાવ્યો,
ગોવાળણી રે લોલ.

:: ૨૫ ::

# પીલુડાં પાકયાં

પીલુડાં પાકયાં,
પીલુડાં પાકયાં;
અઘોર વન વેડચાં, મા પીલુડાં પાકયાં.
જાળી ઉપર જાળી, જાળી ઉપર જાળી;
ઝુલે છે મારી માડી, મા પીલુડાં પાકયાં.
વાટકીમાં સાકર, વાટકીમાં સાકર;
ઝુલે છે મારા ચાકર, મા પીલુડાં પાકયાં.
વાટકીમાં કેરી, વાટકીમાં કેરી;
ઝુલે છે મારા વેરી, મા પીલુડાં પાકયાં.
વાટકીમાં હીરા, વાટકીમાં હીરા
ઝુલે છે મારા વીરા, મા પીલુડાં પાકયાં.
પીલુડાં પાકયાં,
પીલુડાં પાકયાં;
અઘોર વન વેડચાં, મા પીલુડાં પાકયાં.

:: ૨૬ ::

## હંબો હંબો વીંછીડો

અરરર માડીરે,
છાણાં વીણવા ગઇ'તી મા વીંછીડો;
હંબો હંબો વીંછીડો.

અરરર માડીરે,
સોબત સૈયર થઇ'તી મા વીંછીડો;
હંબો હંબો વીંછીડો.

અરરર માડીરે,
કાળો ને કાદવીયો મા વીંછીડો;
હંબો હંબો વીંછીડો.

અરરર માડીરે,
વાંકા વળીને ડંખ માર્યો મા વીંછીડો;
હંબો હંબો વીંછીડો.

અરરર માડીરે,
ટચલીએ ટચકાવ્યો મા વીંછીડો;
હંબો હંબો વીંછીડો.

અરરર માડીરે,
વીંછીની વેદના ભારે મા વીંછીડો;
હંઆ હંઆ વીંછીડો.

અરરર માડીરે,
ખૂણે તે ખાટ ઢળાવો મા વીંછીડો;
હંઆ હંઆ વીંછીડો.

અરરર માડીરે,
જોશીડા તેડાવો મા વીંછીડો;
હંઆ હંઆ વીંછીડો.

અરરર માડીરે,
માતાને તેડ.. મા વીંછીડો;
હંઆ હંઆ વીંછીડો.

અરરર માડીરે,
વીંછીડો ઉતરાવો મા વીંછીડો;
હંઆ હંઆ વીંછીડો.

:: ૨૮ ::

## કણજર કાકો પરણે છે

સૌ જન જુઓ નીહાળી આજ,
કણજર કાકો પરણે છે.

મેં નવી તરેહની ભાળી રાજ,
કણજર કાકો પરણે છે.

ઢીમડીઆ ઢોલ વગાડે રાજ,
કણજર કાકો પરણે છે.

રીંગણું તો રાગ વજાડે રાજ,
કણજર કાકો પરણે છે.

ગાજરની શરણાઇ વાગે રાજ,
કણજર કાકો પરણે છે.

ભીંડાભાઇ આગે ભાગે રાજ,
કણજર કાકો પરણે છે.

ડુંગળીબાઈ ડોળા તાણે રાજ,
કણજર કાકો પરણે છે.

::૨૯::

મરચું બહુ મોજે માણે રાજ,
કણુજર કાકો પરણે છે.
મૂળો તો મૂછો મરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
મોગરી વેશે ઘરડે રાજ,
કણુજર કાકો પરણે છે.
તાંજળીઓ ભેગો તાજે રાજ,
કણુજર કાકો પરણે છે.
મેથીને ન મળે માજે રાજ,
કણુજર કાકો પરણે છે.
દડબડતાં કોળાં દીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
છે સાથે ચીભડાં મીઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.
વાલોળ વહુ બેઠાં વેલમાં રાજ,
કણુજર કાકો પરણે છે.

::૩૦::

હળદર વહુ હાલે હેઠાં રાજ,
કણુજર કાકો પરણે છે.

ગયાં રાંધણપુરની પાસે રાજ,
કણુજર કાકો પરણે છે.

લુણી વહુ વર્યાં હુલાસે રાજ,
કણુજર કાકો પરણે છે.

## નથ ઘડી દે

નથ ઘડી દે સોનારા,
રે મારી નથ ઘડી દે સોનારા.
તે રે નથમાં શું શું જોશે ?
તે રે નથમાં શું શું જોશે ?
માણેક મોતી ને પરવાળાં,
રે મારી નથ ઘડી દે સોનારા...નથ૦

પગ પરમાણે કડલાં રે ઘડજે,
પગ પરમાણે કડલાં રે ઘડજે,
કાંબીયુંના હલકારા,
રે મારી નથ ઘડી દે સોનારા...નથ૦

ડોક પરમાણે ડોકીયું રે ઘડજે,
ડોક પરમાણે ડોકીયું રે ઘડજે;
ચોરશીના હલકારા,
રે મારી નથ ઘડી દે સોનારા...નથ૦

નાક પરમાણે નથડી રે ઘડજે,
નાક પરમાણે નથડી રે ઘડજે;
ફુલડાંના હલકારા,
રે મારી નથ ઘડી દે સોનારા...નથ૦

હાથ પરમાણે ચુડલો રે ઘડજે,
હાથ પરમાણે ચુડલો રે ઘડજે;
ગુજરીના હલકારા,
રે મારી નથ ઘડી દે સોનારા...નથ૦

## કીડીની જાન

સરવે સાવધાન થાવ ભાઈ,
હાલો કીડીબાઈની જાનમાં.
મકોડો કહે હું લાડકો રે,
લાવું માળવીઓ ગોળ રે...હાલો૦
સુડાના હાથમાં સુંડલો રે,
પોપટ પીરસે પકવાન રે...હાલો૦
દેડકો કહે હું ડાંખરો રે,
સાંસા જાને સોંઢાડને...હાલો૦
ઘોએ ઘરચોળાં ઓઢીયાં રે,
ગાડે બેસી ગીત ગાય રે...હાલો૦
ઘોએ ઘરચોળાં ઓઢીયાં રે,
જાણે ઘરડી વેવાણ રે...હાલો૦
ઉંડા ખેતરમાં રીડીઆ રે,
સાંસો લૂંટે છે જાન રે...હાલો૦
લૂંટ્યા કીડીબાઈના વેડલા રે,
મકોડાના લૂંટ્યા વેઢ રે...હાલો૦

:: ૩૩ ::

# નાનું સરીખડું બાળ

એક નાનું સરીખડું બાળ રે મા,
આવ્યું છે આપણે આંગણીએ.
એને દીઠેથી પ્રાશત જાય રે મા,
આવ્યું છે આપણે આંગણીએ.

એને માથે મેવાડા મોળીયા;
એને ખંભે ખાંતીલો ખેસ રે મા...આવ્યું૦

એને કાને તે કુંડળ ઝળકતા;
કોટે કૌસ્તુભમણિની માળ રે મા...આવ્યું૦

એની બાંયે બાજુબંધ બેરખા;
એને દસે આંગળીએ વેઢ રે મા...આવ્યું૦

એને પગે રાઠોડી મોજડી;
એની ચટકંતી છે ચાલ રે મા...આવ્યું૦

:: ૨૪ ::

## કાનો કાળજડાની કોર છે

કાનો કાળજડાની કોર છે,
બેની મારો કાનો કાળજડાની કોર છે.

લીલી ટોપી ને માથે મોર છે,
બેની મારો કાનો કાળજડાની કોર છે.

વનમાં કાનો ઉતારા મંગાવે;
વનમાં ઉતારાની છોળ છે...બેની૦

વનમાં કાનો દાતણ મંગાવે,
વનમાં દાતણીયાની છોળ છે...બેની૦

વનમાં કાનો નાવણ મંગાવે;
વનમાં નાવણની છોળ છે...બેની૦

વનમાં કાનો ભોજન મંગાવે;
વનમાં ભોજનીયાની છોળ છે...બેની૦

વનમાં કાનો પોઢણ મંગાવે;
વનમાં પોઢણની છોળ છે....બેની૦

કાનો કાળજડાની કોર છે,
 એની મારો કાનો હૈયાનો હાર છે.
લીલી ટોપી ને માથે મોર છે;
 એની મારો કાનો હૈયાનો હાર છે.

## વહાણે ચડે

વાણે ચડે, વાણે, ચડે,
 મારી ફઇબાના દીકરા, વાણે ચડે.
મોતી લાવે, મોતી લાવે;
 મારી ફઇબાના દીકરા, મોતી લાવે.
કેવાં લાવું, કેવાં લાવું;
 મારા મામાની માનબાઈ, કેવાં લાવું.
રાતાં લાવે, રાતાં લાવે;
 મારી ફઇબાના દીકરા, પીળાં લાવે.
ઝીણાં લાવે, ઝીણાં લાવે;
 મારી ફઇબાના દીકરા, ઝીણાં લાવે.

# કાનુડો મારે ખંધે પડયો રે

ચંદન તળાવડી રોકી કાનુડે;
જળ ભરવાને દો રે,
કાનુડો મારે ખંધે પડયો રે.
ખંધે પડયો ગણુગારો;
હઠીલો મારે ખંધે પડયો રે.
વનમાં કાનો દાતણુ મંગાવે;
વનમાં દાતણુ કયાંથી ?...કાનુડો૦
વનમાં કાનો નાવણુ મંગાવે,
વનમાં નાવણુ કયાંથી ?....કાનુડો૦
વનમાં કાનો ભોજન મંગાવે,
વનમાં ભોજન કયાંથી ?...કાનુડો૦
વનમાં કાનો પોઢણુ મંગાવે,
વનમાં પોઢણુ કયાંથી ?...કાનુડો૦
ખંધે પડયો ગણુગારો,
હઠીલો મારે ખંધે પડયો રે.

::૩૭::

## મેવલો

નદી રે સરોવર સુકાઇ ગયાં રે,
ગાવલડી દીયે રે શરાપ;
નાવ્યો ધરતીનો ધણી મેવલો રે
આલીલીલી વાડીઓ સુકાઈ ગઇ રે,
પંખીડાં દીયે રે શરાપ;
નાવ્યો ધરતીનો ધણી મેવલો રે.
બાગ બગીચા સુકાઇ ગયા રે,
માળીડા દીયે રે શરાપ;
નાવ્યો ધરતીનો ધણી મેવલો રે.

* * *

નદી રે સરોવર છલી વળ્યાં રે,
ગાવલડી દીયે રે આશીષ;
આવ્યો માયાળુ મેવલો રે.
આલીલીલી વાડીઓ લીલી થઈ રે,
પંખીડાં દીયે રે આશીષ;
આવ્યો માયાળુ મેવલો રે.

બાગ બગીચા લીલા થયા રે,
માળીડા દીયે રે આશીષ;
આવ્યો માયાળુ મેવલો રે.
સરવે તરૂવર લીલાં થયાં રે,
ધરતી પામી રે સંતોષ;
આવ્યો માયાળુ મેવલો રે.

## ચકલી તારા ખેતરમાં

ચકલી તારા ખેતરમાં મેં ઝીંઝવો વાવ્યો;
ઝીંઝવે ચડીને જોઉં, કોઈ માનવી આવે.
રાતી ઘોડી ને પીળો ચાબખો
રતિલાલભાઈ આવે;
ઠેકાવતો ઘોડી ઠાવકો
રતિલાલભાઈ આવે...ચકલી૦
ઘોડીને ઘુઘરમાળ, રતિલાલભાઈ આવે;
ચાર રવાલની ચાલ,
રતિલાલભાઈ આવે...ચકલી૦

ઘુઘરીયાળી વેલડી, મોંઘી વહુ આવે;
છબીલી ને છેલડી,
મોંઘી વહુ આવે...ચકલી૦

ખોળામાં બાવન બેટડો, ધવરાવતી આવે;
ખોળામાં ખારેક ટોપરાં,
ખવરાવતી આવે...ચકલી૦

બાળક ઘાલી બાથમાં, કૂદાવતી આવે;
હોંસે કરીને હાથમાં,
હૂલાવતી આવે...ચકલી૦

## જુઓ જશોદા ગોળી ફોડી

ગોળી ફોડી રે ગોળી ફોડી,
જુઓ જશોદા ગોળી ફોડી.
છાનામાના મારૂં માખણ ખાધું,
છાશ તો પીધી થોડી થોડી...જુઓ૦

ગાની ગમાણમાં ગોવિંદ પેઠા,
વાછરૂને તો છાનાં છોડી...જુઓ૦

ગોડી ઉંચે શીંકામાં ભેરવી,
તાણીને નાખ્યું તોડી...જુઓ૦

નિશાનીબંધ તમને બતાવું,
આવ્યો'તો કાળી કામળી ઓઢી...જુઓ૦

ત્રીકમ તમારો તોફાન કરે છે,
વ્યાસ વલ્લભ કહે કર જોડી...જુઓ૦

## ગાવડલી ચારવાને

નહિ જાઉં રે, નહિ જાઉં રે,
ગાવડલી ચારવાને જશોદા માવડી.
મને વે'લો ઉઠી જગાડે છે,
મને ટાઢે તે પાણીએ નવરાવે;
મને ટાઢો તે રોટલો ખવરાવે....હું નહિ૦

ત્યાં તો પહાડ પર્વત બહુ મોટા છે;
ત્યાં તો વાઘ વરૂનો બહુ ભો છે...હું૦
મને કાળીયો કાળીયો સહુ કહે છે;
મને ગોવાળીયા બહુ દુઃખ દે છે...હું૦

## લેને તારી લાકડી

લેને તારી લાકડી ને લેને તારી કામળી;
વાછરૂ ચરાવવાં નહિ જાઉં માવડલી.
માખણ તો બળભદ્રે ખાધું;
અમને મળી ખાટી છાશલડી...લેને૦

વૃંદાવનને મારગ જાતાં;
પગમાં ચૂમે ઝીણી કાંકરડી...લેને૦

દાદૂર મોર ને પંખીઓ બોલે;
બીજાવે કહી કાળી કરશનડી...લેને૦

મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ;
ચરણ કમળ ચિત્ત રાખડલી...લેને૦

# ઘડુલીયો ચડાવને ગિરધારી

હાં હાંરે ઘડુલીયો ચડાવને ગિરધારી;
ઘરે વાટું જોશે મા મોરી,
ઘડુલીયો ચડાવને ગિરધારી.
તારા હાથની હથેળી રે ગિરધારી;
જાણે બાવનપરની થાળી...ઘડુ૦
તારા હાથની આંગળીયું રે ગિરધારી;
જાણે ચોળા મગની શીંગું...ઘડુ૦
તારા પેટડીઆનો ફાંદો રે ગિરધારી;
જાણે ઉગ્યો પૂનમનો ચાંદો...ઘડુ૦
તારા નાકડીયાની દાંડી રે ગિરધારી;
જાણે દીવડીએ શગ માંડી...ઘડુ૦
તારા વાંસાનો વળાકો રે ગિરધારી;
જાણે સરપણનો સળાકો...ઘડુ૦
હાં હાંરે ઘડુલીયો ચડાવને ગિરધારી;
ઘરે વાટું જોશે મા મોરી,
ઘડુલીયો ચડાવને ગિરધારી.

## પોઢો મારાં પોટડાં રે

પોઢો મારાં પોટડાં રે, પારણે પ્રીતે પોઢાડું;
હરખે ઝૂલાવું હાલ, અઢીવટો માથે ઓઢાડું.
મોટો થઈ આવજે રે, વાડીયુંમાં છોકરાના સાથમાં;
ગોળના ગાંગડા રે, લઈ જાજે સાંઠા બે હાથમાં.
રોઈશ મા લાડકા રે, પારણે ફેરા ફરૂં છું;
પેરી પોષાક ભલી ભાત, દૂરથી જોયા કરૂં છું.
કેવું પેરાવ્યું રે, ઘાઘરી કુંચલી ને કડીયું;
વાહ, મારી કુળવધુ વાહ સાચવજો ગગાનું ઘોડીયું.
પ્રીતેથી પેખજે રે, ગુણ સહુ ગુણીયલ ગગલા;
નાચે તારા તાત તણી માત,
પુત્ર હવે ધ્રૂજે છે પગડા.

## ગેંડા સરજાવું

ગેંડા સરજાવું સાબ કણીયા સરજાવું,
ઉતારા કરો તો સાબ અમકું બોલાવો;

મેડી કેરા મોલ બની જાઉં સાબ,
ગેંડા સરજાવું સાબ કણીયા સરજાવું.
દાતણ કરો તો સાબ અમકું બોલાવો;
આવળ બાવળની સોટી બની જાઉં સાબ,
ગેંડા સરજાવું૦

નાવણ કરો તો સાબ અમકું બોલાવો;
ત્રાંબાકુંડીમાં જળ બની જાઉં સાબ,
ગેંડા સરજાવું૦

ભોજન કરો તો સાબ અમકું બોલાવો;
નાની થાળીમાં લાડુ બની જાઉં સાબ,
ગેંડા સરજાવું૦

મુખવાસ કરો તો સાબ અમકું બોલાવો;
પાન સોપારી એલચી બની જાઉં સાબ,
ગેંડા સરજાવું૦

પોઢણ કરો તો સાબ અમકું બોલાવો;
ઢોલીયા તળાઇ બની જાઉં સાબ,
ગેંડા સરજાવું સાબ કણીયા સરજાવું.

# શેત્રુંજે ઈંગારશા પીર છે

પીર છે, પીર છે, પીર છે,
રે શેત્રુંજે ઈંગારશા પીર છે.

ધોળી ધજા ને માથે નેજાં ફરકે,
ફરતો લોબાનનો ધૂપ છે...રે શેત્રુંજે૦

વાંઝીયા આવે પીર તારી જાત્રાએ,
પુત્ર લઈને ઘેર જાય છે...રે શેત્રુંજે૦

ધોળી ધજા ને માથે નેજાં ફરકે,
કાંગરે કાંગરે મોર છે...રે શેત્રુંજે૦

કોઢીયા આવે રે પીર તારી જાત્રાએ,
કાયા લઈને ઘેર જાય છે...રે શેત્રુંજે૦

પતીયા આવે રે પીર તારી જાત્રાએ,
દેયું લઈને ઘેર જાય છે...રે શેત્રુંજે૦

# મારૂં દાણીયું ખોવાણું

આજ મારૂં દાણીયું ખોવાણું હુલાસમાં;
કારી ફાવે નહિ કોરટમાં,
કોટવાળ જાહેર કરોને ફુલેસમાં.

આજ મારાં કડલાં ખોવાણાં હુલાસમાં;
કારી ફાવે નહિ કોરટમાં,
કોટવાળ જાહેર કરોને ફુલેસમાં.

આજ મારી ગુજરી ખોવાણી હુલાસમાં;
કારી ફાવે નહિ કોરટમાં,
કોટવાળ જાહેર કરોને ફુલેસમાં.

આજ મારી નથડી ખોવાણી હુલાસમાં;
કારી ફાવે નહિ કોરટમાં,
કોટવાળ જાહેર કરોને ફુલેસમાં.

# તમે મારાં દેવનાં દીધેલ છો

તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો;
આવ્યાં ત્યારે અમર થઈને રહો.

મહાદેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું ફૂલ;
પારવતી પરસન થયાં ત્યારે આવ્યાં તમે અણમૂલ.

તમે મારૂં નગદ નાણું છો,
તમે મારૂં ફૂલ વસાણું છો;
આવ્યાં ત્યારે અમરાં થઈને રહો.

મહાદેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું હાર;
મહાદેવજી પરસન થયા ત્યારે આવ્યા હૈયાના હાર.
તમે મારૂં નગદ નાણું છો....તમે૦

હનુમાન જાઉં ઉતાવળી ને જઈ ચડાવું તેલ;
હનુમાનજી પરસન થયા ત્યારે ઘોડીયાં બાંધ્યાં ઘેર.
તમે મારૂં નગદ નાણું છો....તમે૦

# બંગલા ફક્કડ બનાયા

અડવડ દડવડ નગારાં વાગે;
હર હર ગોમતી ગાજે રે
બંગલા ફક્કડ બનાયા.

ગાડે ગાડે તે વીરે ઈટું મગાવી;
ઈટુંના ઓરડા ચણાવો રે...બંગલા૦

ગાડે ગાડે તે વીરે સોપારી મગાવ્યાં,
સોપારીની પૂરણી પૂરાવો રે...બંગલા૦

ગાડે ગાડે તે વીરે લવીંગ મગાવ્યાં,
લવીંગની બારીયું મેલાવો રે....બંગલા૦

ગાડે ગાડે તે વીરે એલચી મગાવ્યાં,
એલચીનાં જાળીયાં મેલાવો રે....બંગલા૦

ગાડે ગાડે તે વીરે કંકુ મગાવ્યાં,
કંકુનાં ગારીયાં કરાવો રે....બંગલા૦

# કનકપુર વસાવીયું

ફનુભા રાણે કનકપુર વસાવીયું.
રાજને સૂબે કનકપુર વસાવીયું;
ડોલતે ડંકે કનકપુર વસાવીયું;
ગોહીલવાળે કનકપુર વસાવીયું.

ગાડે ગાડે તે રાજ ઈંટું મંગાવજો;
ઈંટુંના ઓરડા ચણાવો—
રાયજાદે કનકપુર વસાવીયું; રાજને૦

ગાડે ગાડે તે રાજ સોપારી મગાવજો;
સોપારીની પૂરણી પૂરાવો—
રાયજાદે કનકપુર વસાવીયું; રાજને૦

ગાડે ગાડે તે રાજ લવીંગ મગાવજો;
લવીંગની બારીયું મેલાવો—
રાયજાદે કનકપુર વસાવીયું; રાજને૦

ગાડે ગાડે તે રાજ એલચી મગાવજો;
એલચીનાં જાળીયાં મેલાવો—
રાયજાદે કનકપુર વસાવીયું; રાજને૦

ગાડે તે ગાડે રાજ કસ્તુરી મગાવજો;
કસ્તુરીનાં ગારીયાં નખાવો—
રાયજાદે કનકપુર વસાવીયું; રાજને૦

## લગારેક નંદના છૈયા

લગારેક નંદના છૈયા,
આવો મારી ગાવડી દોવા રે.
મારી ગાય તો તુજને હળી,
તુજને દોવા દે;
રોજનો પૈસો રોકડો કાના
મુખથી માગી લે...લગારેક૦
હીરને છેડે નોંધણું કાના,
વાછરૂ વાળીશ હું;
ગાવડી પાસે ઉભી રહીશ ને
ગાવડી દોજે તું...લગારેક૦

:: ૫૧ ::

# લીલી નાઘેરમાં

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં.
લીલી નાઘેરમાં, લીલી વનરાયમાં;
ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં.

દાતણ દાડમી લીલી નાઘેરમાં;
કણેરી કામ હવે વનરાયમાં...ઝીણા૦

નાવણ કુંડીયું લીલી નાઘેરમાં;
નદીયુંના નીર હવે વનરાયમાં...ઝીણા૦

ભોજન લાપસી લીલી નાઘેરમાં;
સેવ સુંવાળી હવે વનરાયમાં...ઝીણા૦

મુખવાસ એલચી લીલી નાઘેરમાં;
લીલી નાગરવેલ હવે વનરાયમાં....ઝીણા૦

પોઢણ ઢોલીયા લીલી નાઘેરમાં;
હીંડોળાખાટ હવે વનરાયમાં...ઝીણા૦

# કાંતો રે મેરી છેલણ બીબીયાં

કાંતો રે મેરી છેલણ બીબીયાં.
કૈસે કાંતું મીયાં રેંટિયા મીલે ના;
કમાડ ભંગાઉં તેરા રેંટિયા બનાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

કૈસે કાંતું મીયાં ત્રાક મીલે ના;
કટાર ભંગાઉં તેરી તરાક બનાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

કૈસે કાંતું મીયાં ફરણી મીલે ના;
ઢાલ ભંગાઉં તેરી ફરણી બનાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

કૈસે કાંતું મીયાં પૂણીયાં મીલે ના;
દાઢી ખોડાઉં તેરી પૂણીયાં બનાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

કૈસે કાંતું મીયાં લડકા રીઝે ના;
ઢોલક બજાઉં તેરા લટકા રીઝાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

કૈસે કાંતું મીયાં દુઃખે કમેરીયાં;
ધોકા મંગાઉં તેરા ઢાંઢા ભંગાઉં;
કાંતો રે મેરી છેલણ બીબીયાં.

## અંગરેજી ઝાડવું માંડણ

અંગરેજી ઝાડવું માંડણ
અંગરેજી ઝાડવું;
ઉગમણે બાર તારા ઓરડા માંડણીયા.
ચીનાઇની ચોરણી માંડણ
ચીનાઇની ચોરણી;
નાડીએ ફૂમકડાનો જોટો માંડણીયા.
અટલસની આંગડી માંડણ;
અટલસની આંગડી;
એમાં અધવાલી આભલાં માંડણીયા.
પાટણની પાઘડી માંડણ
પાટણની પાઘડી;
ચોવીશ આંટા ને ચાર છોગાં માંડણીયા.

પીરોજી મોજડી માંડણ
પીરોજી મોજડી;
લાંકાળા પગમાં વીરાજે માંડણીયા.

## તમે નંદજી ગોકુળ સંચરો રે

તમે રે નંદજી ગોકુળ સંચરો રે,
ઉતરવો જમનાજીનો ઘાટ જો;
મારી માને નહિ હોય ગોઠતું રે,
જશોદા જોતાં હશે વાટ જો...તમે૦

ન કરે માતા-પિતા તે તમે કર્યાં રે,
અમને ઘણાં લડાવ્યાં લાડ જો;
અમને નાનેથી મોટા કર્યા રે,
તમારા શાશા માનું પાડ જો...તમે૦

મારી પચરંગી છે વાંસળી રે,
વાગતી વેણ રસાળ જો;
તેને તમે સંભાળીને મૂકજો રે,
રખે લઈ જાતા ગોવાળ જો...તમે૦

મારી સહસ્ર ગોરી ગાવડી રે,
તેને તમે હાથ ફેરવીને દોજો જો;
કહે રઘુનાથના સ્વામી નંદને રે,
અમ પર કરુણા દષ્ટે જોજો જો...તમે૦

## રથ ફેરો ગોકુળ રથવાળા

હાંરે રથ ફેરો ગોકુળ રથવાળા,
હાંરે તમે નંદજશોદાના લાલા...ગોકુળ૦
ગાયું રે તલપે, વાછરૂ રે તલપે;
તલપે ગોપ બિચારા...ગોકુળ૦
ગંગા રે તલપે, જમનાજી તલપે;
તલપે નદીયું નાળાં...ગોકુળ૦
ચાંદો રે તલપે, સૂરજ તલપે;
તલપે નવલખ તારા...ગોકુળ૦
નંદજી તલપે, જશોદાજી તલપે;
તલપે બળભદ્ર વીરા...ગોકુળ૦

::મંદ::

વલ્લભ વિનાની ગોપીયું રે તલપે;
તલપે પ્રાણ અમારા...ગોકુળ૦

---

## કાદુ મકરાણી

ડુંગરે ડુંગરે કાદુડાના ડાયરા;
ડુંગરેથી લપટ્યો ડાબો પગ રે
મકરાણી કાદુ,
જૂની વસ્તી જમાદાર મારમા.

બે બે બાંદુક કાદુડો રાખતો;
જેટાળીની રહી ગઈ હામ રે
મકરાણી કાદુ...જૂની વસ્તી૦

બે બે ઘોડા કાદુડો રાખતો;
આરબી ઘોડાની રહી ગઈ હામ રે
મકરાણી કાદુ...જૂની વસ્તી૦

બે બે હાથી કાદુડો રાખતો;
મકના હાથીની રહી ગઈ હામ રે
મકરાણી કાદુ...જૂની વસ્તી૦

માંડવીમાં તો માંડવા નાખ્યા, (૨)
મુંબઈની જાય જાન...કાસમ૦
ઓતર દખણુના વાયરા વાયા (૨)
દરિયે આવ્યા તોફાન...કાસમ૦
કાળા વાવટા બોટને લાગ્યા (૨)
વીજળી હાલકલોળ...કાસમ૦
જાનૈયા કહે જાનમાં આવ્યાં (૨)
કરમે લખાવ્યાં મોત...કાસમ૦
વર કહે હું તો જાનમાં લાવ્યો (૨)
મારો શું એમાં વાંક...કાસમ૦
સાતસો લેતાં આઠસો લેજે (૨)
વીજળી પાછી વાળ...કાસમ૦
સોળસે કન્યા ડુંગરે ચડી (૨)
જુઓ જાનુંની વાટ...કાસમ૦
કાસમ કે' કયાંઇ વીજળી ભાળું (૨)
આલું સવા લાખ દાન...કાસમ૦